નં:-જીઆઈડીસી/જ.મે./વિતરણ/ઓએન્ડએમ/ સીઆઈઆર/પીઓએલ/૧(૧૦),૩૭
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી, ગાંધીનગર.
તા.૨૨/૧૧/૨૦૧૧.

(ALT) BRANCH
INWARD No.......
DATE.......

//પરિપત્ર//

વિષય:- ફાળવણીની તારીખથી ૬ (છ) વર્ષના ઉપરના વણવપરાશી ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ, વાણિજય પ્લોટ અને વાણિજયક મિલ્કતોના કિસ્સાઓમાં ઉપયોગની સમય મર્યાદા વધારી આપવા બાબત.

સંદર્ભ:- (૧) જીઆઈડીસી/જ.મે./વિતરણ/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/૧(૮)/૧૫ તા.૩૦/૩/૨૦૧૦
(૨) જીઆઈડીસી/જ.મે./વિતરણ/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/૧(૯)૩૪ તા.૩૦/૮/૧૦.

નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ બિનવપરાશી ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ, વાણિજય પ્લોટ અને વાણિજયક મિલ્કતોના ઉપયોગની સમય મર્યાદા વધારી આપવાની નીતિ સંદર્ભ-૧ ના પરિપત્રથી તા.૧/૪/૧૦ થી પ્રતિબંધીત કરવામાં આવેલ. આ નીતિ બાબતે ઉદ્યોગકારો ધ્વારા રજૂઆત મળતા તેમજ નીતિ અચાનક જાહેર થતા ઉપયોગની સમય મર્યાદા સિમીત કરવાના કારણે જે ઉદ્યોગકારોને ફાળવણીના ૬ (છ) વર્ષથી વધુ સમય માટે ઉદ્યોગ શરૂ કરવા માટેની સમય મર્યાદા મળી શકે તેમ ન હોવાથી તેઓ તેમને ફાળવેલ મિલ્કતનો ખરેખર ઉપયોગ કરી શકે તેમ ન હોવાથી નિગમની તા.૩/૮/૧૦ નારોજ મળેલ ૪૫૦ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંક-૫/વિતરણ/૪૫૦ રજુ કરવામાં આવેલ અને તેના ઠરાવ ક્રમાંક-૧૦૮/વિતરણ/ ૪૫૦/૨૦૧૦ મુજબ નિગમની વસાહતોમાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ, વાણિજયક મિલ્કતોના વપરાશ માટે જે પ્લોટ ધારકે મિલ્કતની ફાળવણીની તારીખથી ૬ (છ) વર્ષની અંદર પ્લોટનો ઉપયોગ કરેલ નથી અને હવે મિલ્કતનાં વપરાશ મિલ્કત ધારક (ફાળવણીદાર) જાતે જ ઉપયોગ કરવા માગતા હોય અને નિગમને સમય મર્યાદા વધારી આપવા ફાળવણીદાર જાતે જ અરજી કરે તો તેઓને એક છેલ્લી તક આપી તા.૩૧/૮/૨૦૧૧ સુધીની સમય મર્યાદા વધારી શકાશે તેવો નિર્ણય કરી સંદર્ભ-૨ માં દર્શાવ્યા મુજબ પરિપત્ર જારી કરવામાં આવેલ.

ઉપરોકત બાબતે તા.૩૧/૮/૨૦૧૧ નારોજ પુરી થયેલ મુદત બાદ પણ સમય મર્યાદા વધારી આપવાની રજૂઆતો ઉદ્યોગકારો અને વસાહતના મંડળો તેમજ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન તરફથી મળતા આ બાબતે ઉદ્યોગકારોને તેમના ઉદ્યોગ ચાલુ કરી દેવાની સમય મર્યાદા વધારી આપવા બાબતે એક કાર્યસૂચિ નિગમની તા.૧૨/૧૦/૧૧ નારોજ મળેલ ૪૫૯ મી સભામાં રજુ કરવામાં આવેલ અને તેના ઉપર પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક-૧૧૫/વિતરણ/૪૫૯/૨૦૧૧ ઠરાવ પ્રમાણે તા.૩૧/૮/૧૧ સુધીમાં જે ફાળવણીદાર ધ્વારા આ યોજનાનો લાભ લઈ શકાયેલ નથી કે જે ફાળવણીદારે આ યોજનાના અંત સુધીમાં ફાળવેલ મિલ્કતનો ઉપયોગ કરેલ નથી તેવા તમામ ફાળવણીદારોને પણ તેમની મિલ્કતોના ઉપયોગ માટે સમય મર્યાદા તા.૩૦/૮/૧૦ ના પરિપત્રમાં દર્શાવેલ સામાન્ય શરતોને આધિન તા.૩૧/૩/૧૩ સુધીમાં ઉદ્યોગ ચાલુ કરી દેવાની શરતે સમય મર્યાદા વધારી આપવાનું ઠરાવવામાં આવ્યું.

આ બાબતે સમયબધ્ધ કાર્યક્રમ પ્રમાણે નીચે મુજબની કાર્યવાહી કરવાનું પણ સાથો સાથ ઠરાવવામાં આવેલ.

(૧) સમય મર્યાદા વધારી આપવા અંગે તા.૩૧/૧૨/૧૧ સુધીમાં લેખિતમાં મળેલ અરજી ક્ષેત્રિય કચેરીએ સ્વીકારવાની રહેશે.

(૨) ક્ષેત્રિય કચેરી ધ્વારા આવી સમય મર્યાદા વધારવા અંગે મળેલ અરજીઓની ચકાસણી કરી તુરંત વધુમાં વધુ તા.૩૧/૧/૧૨ સુધીમાં સમય મર્યાદા વધારી આપવા અંગેની દરખાસ્ત વડીકચેરીએ મોકલી આપવાની રહેશે.

(૩) ક્ષેત્રિય કચેરીએથી મળેલ આવી અરજીઓને તા.૨૯/૨/૧૨ સુધી વડીકચેરી ધ્વારા મંજુરી/નિર્ણય મેળવીને ક્ષેત્રિય કચેરીને પરત કરવાની રહેશે.

(૪) ક્ષેત્રિય કચેરી ધ્વારા તા.૩૧/૩/૧૨ સુધીમા સમય મર્યાદા વધારવાનો હુકમ જારી કરી દેવાનો રહેશે. વધુમાં ફાળવણીદારને તા.૩૧/૩/૧૩ સુધીમાં ઉદ્યોગ ચાલુ કરી દેવાનો રહેશે.

**નીચે જણાવ્યા મુજબની શરતોએ તા.૩૧/૩/૧૩ સુધીની સમય મર્યાદા વધારી શકાશે.**

(૧) ફાળવણીદાર ભવિષ્યમાં ફરીથી પ્લોટના વપરાશ અંગેની સમય મર્યાદા વધારી આપવાની માંગણી કરશે નહિં.

(૨) વધારીઆપવામાં આવેલ સમય મર્યાદામાં ફાળવણીદાર ફાળવેલ મિલ્કતનો ઉપયોગ કરવામાં નિષ્ફળ જાય તો તે સંજોગોમા ફાળવણીદારે મિલ્કતનો સ્વૈચ્છિક કબજો નિગમને પરત કરવા અંગે સંમતિ આપવાની રહેશે. આ માટે નિગમની જે તે વખતની પ્રવર્તમાન નીતિ મુજબનું વળતર તેઓને મળવા પાત્ર રહેશે.

(૩) મિલ્કતનો ઉપયોગ કરવા અંગે વધારી આપવામાં આવેલ સમય દરમ્યાન ખુલ્લા પ્લોટ/શેડ/ રહેણાંક પ્લોટ/ અન્ય મિલ્કતની તબદીલીની દરખાસ્ત કરવામાં આવશે નહિં.

(૪) વણવપરાશી મિલ્કતી સમય-મર્યાદા વધારી આપવા અંગે નિગમની સામાન્ય શરતો લાગુ પડશે.

આ ઉપરાંત વધુમાં જણાવવામાં આવે છે કે, ફાળવણીદારે રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર શરત નં. (૧) થી (૩) બાબતે જરૂરી બાંહેધરી ખત આપવાનું રહેશે.

**વધુમાં આ ઠરાવ આધારીત સમય મર્યાદા વધારી આપવાની તમામ સત્તા જનરલ મેનેજરશ્રી (વિતરણ) ને સોંપવામાં આવેલ છે.**

આ સિવાય વણ વપરાશી દંડ/ઉપયોગની સમય મર્યાદા વધારી આપવાની સત્તા અને અન્ય બાબતો અંગે સમયાંતરે પારિપત્રીત કરવામાં આવેલ સુચનાઓ યથાવત રહેશે. જેની સર્વે વિતરણ અધિકારીઓએ નોંધ લેવી. તથા આ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
આ પરિપત્ર મળ્યાની પહોચ જનરલ મેનેજર (વિતરણ/રસ્તુ.) ને નામ જોગ મોકલી આપવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

રવાના કર્યુ,

જનરલ મેનેજર ( ઈએન્ડએ),

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ......
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ વસાહતના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.
- મદદનીશ મેનેજરશ્રી ( મા. ઉપા. અને વહી. સંચાલક સેલ), જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

ASSISTANT MANAGER (ALT)-I